# કન્ટેન્ટ રાઈટર (વિષય સામગ્રી લેખક)

કન્ટેન્ટ રાઈટર, વિવિધ પ્રકારની વેબસાઈટ્સ, સામયિકો, અખબારો, બ્લોગ્સ, ઈ-પુસ્તકો, ન્યૂઝલેટર્સ, સોશિયલ મીડિયા, બ્રોશર્સ, ફલાયર્સ વગેરે માટે લેખિત સામગ્રી તૈયાર કરે છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક લેખનનો આનંદ માણો છો
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે કામ કરતી વખતે સ્પષ્ટ સૂચનાઓનું પાલન કરી શકો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩૦,૦૦૦ થી ૪,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અંગ્રેજી અથવા પત્રકારિત્વમાં સ્નાતક (BA)ની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

- માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યાબાદ, એ જ વિદ્યાશાખામાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી મેળવો.

  **અથવા**
- અંગ્રેજી અથવા પત્રકારિત્વમાં સ્નાતક (BA)ની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**
- માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, ક્રિએટિવ/કન્ટેન્ટ રાઈટરનો પી.જી. ડિપ્લોમા કોર્સ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કન્ટેન્ટ રાઈટરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૦,૫૦૦ થી ૪૮,૭૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત : https://www.payscale.com/research/IN/Job=Content_Writer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વિજ્ઞાપન, મીડિયા, મનોરંજન, વેબ-આધારિત સંસ્થાઓ

**ઉદ્યોગ સાહસિકતા :** તમે તમારી પોતાની કન્ટેન્ટ રાઈટીંગ કંપની પણ શરૂ કરી શકો છો જ્યાં તમે તમારા ગ્રાહકોની જરૂરિયાતો મુજબ સેવાઓ આપશો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** કામકાજનો સમય સામાન્ય રીતે લવચીક હોય છે. તમારું દરરોજનું લક્ષ્ય નિર્ધારીત હોય છે. કેટલીક વખત ઘરેથી કામ કરવાની સુવિધા ઉપલબ્ધ હોય છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી લેખક → જુનિયર કન્ટેન્ટ રાઈટર → કન્ટેન્ટ રાઈટર → સિનિયર કન્ટેન્ટ રાઈટર → કન્ટેન્ટ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ક્રિએટીવ રાઈટર, બ્લોગર, કોપીરાઈટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ અંગ્રેજી/પત્રકારિત્વ/માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. જામિયા મિલિયા ઈસ્લામિયા, દિલ્હી
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૫. બિર્સા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી, રાજપીપળા
૬. ઈન્દ્રપ્રસ્થ કોલેજ ફોર વુમન, દિલ્હી
૭. જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગ, બી.એચ.યુ., વારાણસી, ઉત્તરપ્રદેશ
૮. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, પુણે અભ્યાસક્રમ)

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એન.એસ.એચ.એણ. સ્કૂલ ઓફ મીડિયા એન્ડ ડિઝાઈન
૨. ઈન્સ્ટિટ્યુટ ઓફ ક્રિએટીવ એક્સલન્સ
૩. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૪. ઝેવિયર ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન્સ
૫. ગ્રાફિક એરા હિલ યુનિવર્સિટી, દેહરાદૂન
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. લોયોલા કોલેજ, ચેન્નાઈ
૮. સોફિયા કોલેજ ફોર વુમન, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc20_hs06/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સમર્પિતા મુખર્જી શર્માએ** અર્થશાસ્ત્રમાં એમ.એ. પૂર્ણ કર્યું અને પછી માસ કોમ્યુનિકેશનનો અભ્યાસ કર્યો. તેણીએ પૂર્ણ-સમયના કન્ટેન્ટ રાઈટર બનતા પહેલાં ડી.એન.એ. સાથે પત્રકાર તરીકે કામ કર્યું હતું. તે બ્લોગર હોવા ઉપરાંત જીવનશૈલી અને ટ્રાવેલ બ્રાન્ડ માટેના ક્યુરેટર પણ છે. તેણીએ પ્રકાશન ગૃહો, પ્રવાસન અને હોટેલ બ્રાન્ડ્સ, વ્યક્તિગત લેખકો, સરકારી એજન્સીઓ, સ્ટાર્ટ-અપ્સ અને બ્રાન્ડ્સ સાથે કામ કર્યું છે. સંયુક્ત રાષ્ટ્રની સ્વયંસેવી પરિયોજનાઓમાં તેમના ડિજિટલ યોગદાન માટે તેણીને સન્માનિત કરવામાં આવેલ છે.*

સ્રોત : https://www.ddsreviews.in/2016/12/interview-with-samarpita-mukherjee.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.